ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૧/૧૮-૧૯/ 5023 તારીખ : 01 NOV 2018

પ્રતિ,

**મેં. ઋષભ ધાનાદાળ પ્રા. લી,**
રાજકોટ હાઈવે,
ગામ : શેખપર, તા. મુળી,
જી. સુરેન્દ્રનગર.
મો : ૯૮૨૫૩ ૩૦૫૧૧.

કેસ ન. ૯૧/૧૮-૧૯.

**વિષય** : સપ્લાય કોડ મુજબ વીજ માંગ વધારાની કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભ** : આપનો પત્ર તા. ૦૯.૦૮.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૯૧/૧૮-૧૯/૩૭૦૩ તા. ૧૮.૦૮.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં 'આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. **૧૬.૧૦.૧૮.** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. .

**નકલ રવાના:**–
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય સુરેન્દ્રનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૧/૧૮-૧૯** ☜

વાદી :- મેં. ઋષભ ધાનાદાળ પ્રા. લી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◆ **રજુઆતની તારીખ:– ૧૬/૧૦/૨૦૧૮** ◆

હાજર રહયા :- કમલેશભાઈ શાંતિલાલ શાહ – પાર્ટનર.

પ્રતિવાદી :- શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

મેં. ઋષભ ધાનાદાળ પ્રા. લી, મુ. શેખપર, તા.મુળી, ની તેમના વીજ કનેક્શન વપરાશના વીજ બિલમાં ભૂલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૧/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૯૧/૧૮-૧૯ /૩૭૦૩ તા.૧૮.૦૮.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૬.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી કમલેશભાઈ શાંતિલાલ શાહ – પાર્ટનર હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મેં. ઋષભ ધાણાદાળ પ્રાઈવેટ લીમીટેડગ્રાહક નંબર-૨૫૯૩૦/૦૦૦૧૦/૭ ના ઔધોગીક પ્રકાર ના વીજ કનેકશન માં વર્ષ ૨૦૧૭-૧૮ વર્ષ દરમીયાન જીઇઆરસી ના સપ્લાય કોડ ૪.૯૫ મુજબ વધુ ડીમાન્ડ આવવાના કારણે નોટિસ આપવામાં આવેલ છે,જેમાં હાલના ૯૦.૦ કીલો વોટ ના લોડ માં ૧૬.૦ કીલો વોટ નો વધારો કરી ૧૦૬.૦ કીલો વોટ નો વધારો કરવાની નોટિસ આપવામાં આવેલ છે. જેમાં ૧૦૦.૦ કીલો વોટ થી વધારે વીજ માંટે એચટી વીજ કનેકશન ગણવામાં આવશે,તેમજ તેનો ખર્ચ પણ ગ્રાહક ના ખાતે ઉધારવામાં આવશે.,જે અંતર્ગત અમો ૯૦.૦ કીલો વોટ થી વધુ નો ફીકસ ચાર્જ પણ ભરપાઇ કરી આપલેલ છે.

૧.૨ અમો હવે ડીમાન્ડ ૧૦૦.૦ કીલો વોટ થી વધુ નહી વાપરીએ તેની ખાતરી પણ આપીએ છીએ.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,**

૨.૧ સદર ગ્રાહકનેવીજ જોડાણમાં સપ્લાય કોડ -૨૦૧૫ નાં કલોઝ ૪.૯૫ મુજબ એલટી કનેકશન માં વપરાશ યથેલ મહતમ માંગ (ડીમાન્ડ) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમીયાન ૪ (ચાર) વખત ૫ % કે તેથી વધારે મયાદામાં કરારીત વીજ માંગ (કોન્ટ્રાકટેડ ડીમાન્ડ) કરતાં વધેલ હોઇ ,સપ્લાય કોડ -૨૦૧૫ નાં કલોઝ ૪.૯૫ મુજબ આપના વીજ કનેકશનની કરારીત વીજ માંગ( કોન્ટ્રાકટેડ ડીમાન્ડ) માં વધારો કરવો ફરજીયાત છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૨ વધુમાં સદર ગ્રાહકને જીયુવીએનએલ ના પરીપત્ર જીયુવીએનએલ/જીએમ(કોમ.)/૪૬૯ તા ૨૧.૦૪.૨૦૧૮ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે,જે કંપનીના નિયમ મુજબ નું છે. વધુમાં સદર વીજ કનેકશન તા ૪.૧૦.૨૦૧૮ના રોજ ગ્રાહક ની અરજી ના અનુસંધાને કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મેં. ઋષભ ધનાદાળ પ્રા.લી. ના નામનું એલ.ટી.એમ.ડી. તેરિફ હેઠળ ૯૦ કી.વો.નું ઔદ્યોગિક વીજ જોડાણ ગ્રા.નં. ૨૫૯૩૦/૦૦૦૧૦/૭ થી શેખપર ગામમાં ધરાવે છે.

૩.૨ ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમ્યાન વાદીની ખરેખર વીજ માંગ કુલ ૪ વખત કરારિત વીજ માંગ ૯૦ કી.વો. કરતા વધી જવાથી પ્રતિવાદીએ સપ્લાઈ કોડના નોટી. નં.૪/૨૦૧૫ના સેક્શન ૮ હેઠળ વાદીને તેનું વીજ જોડાણ ૧૦૬ કી.વો.ની વીજ માંગ સાથેનું હાઈ ટેન્શન વીજ જોડાણ કરવા માટેની તા. ૨૬.૦૬.૧૮ના રોજ નોટીસ આપેલ.જેની સામે વાદીએ ફોરમને રજૂઆત કરેલ.

૩.૩ ફોરમ સમક્ષ વાદીનો કેસ હિયરિંગમાં આવતા પહેલા વાદીએ તેનું વીજ જોડાણ નિયમ મુજબ કાર્યવાહી કરી તા. ૦૪.૧૦.૧૮ ના રોજ કાયમી ધોરણે રદ કરાવેલ છે.

.૪ હાલ વાદીનું વીજ જોડાણ કાયમી ધોરણે રદ થયેલ હોઈ પ્રતિવાદી દ્વારા આપેલ નોટીસ બિનઅમલી બને છે માટે ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૩.૫ તેમજ આજરોજ તા. ૧૬.૧૦.૧૮ના રોજ ફોરમ સમક્ષ વાદીએ ફોરમને લેખિત જણાવેલ છે કે તેઓનું વીજ જોડાણ કાયમી ધોરણે રદ થયેલ હોઈ, તેઓ કોઈ કાર્યવાહી કરવા માંગતા નથી.

## <u>–:: હુકમ ::–</u>

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે છે કે **" તારણ નં. ૩.૪ અને ૩.૫ મુજબ વાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| (બી. જે. દવે)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર. વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |
|---|---|---|

તારીખ :–૧૬.૧૦.૧૮.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.